અપીલ અરજી નં.૨૧૧ તા.૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનવર એ. ઘાંચી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)પટેલનગર સર્કલની સામે ,ધર્મયુગ સોસા.ની આગળ, વાત્સલ્ય રેવન્યુ નામની આશરે અગિયાર માળની ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલું છે ,મુદ્દા નં.(૨) ધર્મયુગ સોસા.,મેઈન રોડ ગેટ નં.–૪ની સામે બાંધકામ ચાલું છે . ઉપરોકત સ્થળે ચાલી રહેલ બાંધકામમાં મુદ્દા નં.૧વાળી મિલકતને કેટલા માળ સુધીની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તથા હાલમાં કેટલા માળ સુધીનું બાંધકામ ચાલું છે તેની તમામ કાયદેસરતા તથા પ્લાન પાસની લે–આઉટની નકલો સહિતની વિગતો આપવી તથા જો નિયમ વિરુધ્ધ બાંધકામ કરેલ હોય તો આજદિન સુધી કોઈ નોટીસ અથવા અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ? જેની વિગતવાર માહિતી આપવી.મુદ્દા નં.૨ ધર્મયુગ સોસા.ગેટ નં.–૪ની સામે ચાલી રહેલ બાંધકામની તમામ કાયદેસરતા તથા ચાલી રહેલ બાંધકામને કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? તેમજ ચાલી રહેલ બાંધકામ પ્લોટ વાઈઝ લે–આઉટ મુજબ કેટલા ક્ષેત્રફળમાં નિયમ મુજબ બાંધકામ કરવું જોઈએ તથા કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ કરેલ છે જેની માહિતી આપવી. ઉપરોકત ચાલી રહેલ બાંધકામ ગેરકાયદેસર હોય તો આજદિન સુધી કોઈ કાર્યવાહી અથવા નોટીસ આપવામાં આવેલ હોય તો તેની નકલો સહિત વિગતો આપવી તથા આજદિન સુધી ન કરેલ કાર્યવાહીના ઠોસ કારણો અને તેના માટે જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૧/૨૦૧૧–૧૨

શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)પટેલનગર સર્કલની સામે ,ધર્મયુગ સોસા.ની આગળ, વાત્સલ્ય રેવન્યુ નામની આશરે અગિયાર માળની ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલું છે,મુદ્દા નં.(૨) ધર્મયુગ સોસા.,મેઈન રોડ ગેટ નં.–૪ની સામે બાંધકામ ચાલું છે . ઉપરોકત સ્થળે ચાલી રહેલ બાંધકામમાં મુદ્દા નં.૧વાળી મિલકતને કેટલા માળ સુધીની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તથા હાલમાં કેટલા માળ સુધીનું બાંધકામ ચાલું છે તેની તમામ કાયદેસરતા તથા પ્લાન પાસની લે–આઉટની નકલો સહિતની વિગતો આપવી તથા જો નિયમ વિરુધ્ધ બાંધકામ કરેલ હોય તો આજદિન સુધી કોઈ નોટીસ અથવા અન્ય કોઈ કાર્ય વાહી કરવામાં આવેલ છે કે કેમ ? જેની વિગતવાર માહિતી આપવી.મુદ્દા નં.૨ ધર્મયુગ સોસા.ગેટ નં.–૪ની સામે ચાલી રહેલ બાંધકામની તમામ કાયદેસરતા તથા ચાલી રહેલ બાંધકામને કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? તેમજ ચાલી રહેલ બાંધકામ પ્લોટ વાઈઝ લે–આઉટ મુજબ કેટલા ક્ષેત્રફળમાં નિયમ મુજબ બાંધકામ કરવું જોઈએ તથા કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ કરેલ છે જેની માહિતી આપવી. ઉપરોકત ચાલી રહેલ બાંધકામ ગેરકાયદેસર હોય તો આજદિન સુધી કોઈ કાર્યવાહી અથવા નોટીસ આપવામાં આવેલ હોય તો તેની નકલો સહિત વિગતો આપવી તથા આજદિન સુધી ન કરેલ કાર્યવાહીના ઠોસ કારણો અને તેના માટે જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં બાબત હેઠળની મિલ્કત–વિસ્તારની જવાબદાર અધિકારીની મુલાકાતની નોંધ દફતરે હોય તો તે પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૫૧ તા.૧૬–૮–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તથા અરજદારને તેમણે જાહેર માહિતી અધિકારીના તા.૧૩–૭–૧૧ના પત્ર અનુસાર લાગત ખાતાના જા.મા.અ.નો સંપર્ક કરી ફી ભરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? જો હોય તો પછી શી બાબતે કઈ નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૬૨ તા.૮–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૦ તા.૧૩–૭–૧૧ ના પત્રની નકલ,નોંધ વિભાગ અત્રે મળેલ છે. મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૪ તા.૬–૯–૧૧ ના પૂરક વિગતોમાં મજકુર અરજદારની અરજી અત્રેના ખાતાને મળેલ નથી તેમજ ઝોન કચેરી ધ્વારા તબદીલ થઈને આવેલ નથી તેથી અરજદારને જવાબ પાઠવી શકાય તેમ નથી તેવા પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૯–૧૧ નો પત્ર મળેલ છે. ત્યાર બાદ તા.૮–૯–૧૧ નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે પ્રથમ અપીલ કરતી વખતે આરટીઆઈના નિયમ મુજબ મુળ અરજીની વિગતો, ફી ની વિગતો અરજી તબદીલ થયા અંગેની વિગતો અને મળેલ માહિતી અંગેની વિગતો કે નકલ જણાવવાની રહે છે તેમ છતાં અરજદાર તરફથી ફકત મુળ અરજીની નકલ સિવાય ફી ભર્યાની વિગત, અરજી તબદીલ અંગેની નકલ કે માહિતી મળ્યાની નકલ રજૂ કરેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૦ તા.૧૩–૭–૧૧ થી શહેર વિકાસ અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ખાતાને મુદ્દા નં.૧ અંગે નિયત સમય અવધિ બાદ અરજી તબદીલ કરવામાં આવેલ જણાય છે. પરંતુ તબદીલ થયાના આધાર રજૂ કરેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૦ તા.૧૩–૭–૧૧ થી અરજદારને માહિતી અંગે નાણા ભરવા જણાવવામાં આવેલ.મુદ્દા નં.(૧)પટેલનગર સર્કલની સામે ,ધર્મયુગ સોસા.ની આગળ, વાત્સલ્ય રેવન્યુ નામની આશરે અગિયાર માળની ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલું છે.જેમાં મુદ્દા નં.૨ પછી ઉપરોકત સ્થળે મુદ્દા નં.૧ વાળી મિલ્કતને કેટલા માળ સુધીની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તથા હાલમાં કેટલા માળ સુધીનું બાંધકામ ચાલુ છે તેની તમામ કાયદેસરતા તથા પ્લાન પાસની લે આઉટની નકલો સહિતની વિગતો આપવી. તથા નિતી નિયમ વિરુધ્ધ બાંધકામ કરેલ હોય તો આજ દિન સુધી કોઈ નોટીસ અથવા અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગતવાર માહિતી આપવી તેવી માંગણી કરેલ. જે મુદ્દા નં.૧ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૦ તા.૧૩–૭–૧૧ થી વિલંબથી શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીને અરજી તબદીલ કરવામાં આવેલ છે. પરંતુ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી આપેલ પૂરક વિગતોમાં પત્ર નં.ટીડીઓ/૩૪ તા. ૬–૯–૧૧ થી મજકુર અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજી મધ્યસ્થ શહેર વિકાસને મળેલ નથી તેમજ ઝોન કચેરી ધ્વારા પણ તબદીલ થઈને આવેલ નથી. જેથી અરજદારને જવાબ પાઠવી શકાયેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ધર્મયુગ સોસા.,મેઈન રોડ ગેટ નં.–૪ની સામે બાંધકામ ચાલું છે . ઉપરોકત સ્થળે ચાલી રહેલ બાંધકામમાં મુદ્દા નં.૧વાળી મિલકતને કેટલા માળ સુધીની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તથા હાલમાં કેટલા માળ સુધીનું બાંધકામ ચાલું છે તેની તમામ કાયદેસરતા તથા પ્લાન પાસની લે–આઉટની નકલો સહિતની વિગતો આપવી તથા જો નિયમ વિરુધ્ધ બાંધકામ કરેલ હોય તો આજદિન સુધી કોઈ નોટીસ અથવા અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ? જેની વિગતવાર માહિતી આપવી.મુદ્દા નં.૨ ધર્મયુગ સોસા.ગેટ નં.–૪ની સામે ચાલી રહેલ બાંધકામની તમામ કાયદેસરતા તથા ચાલી રહેલ બાંધકામને કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? તેમજ ચાલી રહેલ બાંધકામ પ્લોટ વાઈઝ લે–આઉટ મુજબ કેટલા ક્ષેત્રફળમાં નિયમ મુજબ બાંધકામ કરવું જોઈએ તથા કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ કરેલ છે જેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૦ તા.૧૩–૭–૧૧ થી મુદ્દા નં.૨ માં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતને ઉધનાઝોન ખાતેથી મિલ્કતદારને ગેરકાયદેસર બાંધકામના સંદર્ભમાં મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જેની નકલના રૂા.૪/– જમા કરાવ્યેથી મેળવી લેવા વિનંતી. તેવું જણાવેલ છે. પરંતુ તે બાબતે રૂા.૪/– ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે બંને પક્ષકારો તરફથી કોઈ પ્રકાશ પાડેલ નથી. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં જે નિર્ણયથી નારાજ હોય તે બાબતે માહિતીનો સમયગાળો પૂર્ણ થયા છતાં માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. અપીલના કારણમાં પણ માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. અપીલની સંક્ષિપ્ત હકીકતમાં નમુના –ક પ્રમાણે તેમજ અપીલની માંગેલ દાદમાં પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અપાવવી અને માહિતી ન આપનાર અધિકારી સામે શિક્ષાત્મક તેમજ દંડાત્મક કાર્યવાહી કરવાની રજૂઆત કરતી અપીલ અરજી તા.૬–૮–૧૧ ના રોજ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૬૫૧ તા.૧૬–૮–૧૧ થી લાગત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? જો હોય તો તે બાબતેની નારાજગી અને આધાર સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તેમના તા.૭–૯–૧૧ ના પત્રથી " અમારી અપીલ ફકત નુમના–જ માં લખેલ મુદ્દાની જ કરેલ છે. જેની અમારે કોઈ પૂર્તતા કરવાની રહેતી નથી " તેવું જણાવેલ છે. ત્યાર બાદ તેમના તા.૮–૯–૧૧ ના અપીલ તબકકે ના બીજા પત્રથી અમોએ તા.૭–૯–૧૧ ના પત્રમાં મુદ્દા નં.૧ લખવાનું શરત ચૂકથી રહી ગયું હોવાથી કરેલ અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માટેની છે તે સ્પષ્ટતા કરવા આ અરજી કરવામાં આવે છે. જેમાં અરજદારે તેઓએ તા.૭–૯–૧૧ ના રોજ કરેલ અરજીમાં અમારી શરતચૂક થયેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે તેમના તા.૬–૯–૧૧ ના સૂર્યનગરી ન્યુઝ માં તેમની અપીલ બાબતે નમુના –ક ના મુદ્દા નં.૧ હોવાનું જણાવેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં તેઓ તેમની નમુના–ક ના મુદ્દા નં.૧ ને વળગી રહેલ છે અને અપીલ તબકકે બંને વાર પૂરક વિગતો આપવા છતાં પણ તે વિગતે વળગી રહેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૨ બાબતે કોઈ તકરાર નથી તેવું સ્પષ્ટ થાય છે.

ગુણદોષ પર અપીલનો નિકાલ કરવા અત્રેથી અરજદાર કક્ષાએથી પક્ષકાર જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવેલ છે કે કેમ? તેવી વિગતો પુછાવી પર્યાપ્ત તક આપવા છતાં અરજદારે તે બાબતે તેમના તા.૭–૯–૧૧, તા.૮–૯–૧૧ કે તા.૬–૯–૧૧ તેમના અખબારમાં તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. અરજદારે પક્ષકાર જાહેર માહિતી અધિકારીમાં જાહેર માહિતી અધિકારીનું નામ જણાવેલ છે પરંતુ અપીલ માટે કારણોમાં કોઈ સ્પષ્ટ વિગત તકરારી મુદ્દા માટે નિર્દિષ્ટ કરેલ નથી. અરજદારે તા.૬–૯–૧૧ ના રોજ સુર્યનગર અખબાર કે જેના તેઓ

તંત્રી છે તેમાં પણ જાહેર માહિતી અધિકારીમાં અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી કોલમમાં મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તેવું જણાવેલ છે જે સૂચવે છે કે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી તબદીલ થયેલ પત્ર નકલ તેમને મળેલ છે સાથે તા.૧૩–૭–૧૧ નો જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનનો મુદ્દા નં.૧ અંગે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગનો સંપર્ક કરવા જણાવતો પત્ર પણ તેઓને મળ્યાનું સ્પષ્ટ થાય છે. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી દિન–૩૦ ની અવધિમાં પાઠવેલ છે. તેમ છતાં અરજદારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસનો સંપર્ક કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી અને તેનાથી વિપરીત અખબારી માધ્યમનો ઉપયોગ " પ્રથમ અપીલને આડે પાટે ચઢાવવાના પ્રયાસરૂપે નોડલ ઓફિસર ભાવસારનો ઉડાઉ જવાબ" તેવા શબ્દ પ્રયોગ સાથે કરેલ છે. અરજદારે પણ ભારતના નાગરિક તરીકે મુળભૂત હકો સાથે ભારતના સંવિધાનમાં નિર્દિષ્ટ અનુસૂચિ ૫૧(એ) હેઠળ આમે જ કરવામાં આવેલ નાગરિકોની મુળભૂત ફરજો પૈકી "બંધારણને માન્ય રાખવું તેના આદર્શો, સંસ્થાઓ તથા રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર્શ કરવો " નું અનુપાલન કરવાનું સૌજન્ય દાખવેલ હોત તો તે સંવિધાનને સુસંગત નાગરિક ચેષ્ટા લેખાત.

જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનનો તબદીલ પત્ર ધ્યાને લેતાં મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજકનો તા.૬–૯–૧૧ ના પત્રની વિગત અનુસાર " અરજદારની અરજી અત્રેના ખાતાને મળેલ નથી તેમજ ઝોન કચેરી ધ્વારા પણ તબદીલ થઈને આવેલ નથી જેથી અરજદારને જવાબ પાઠવી શકાયેલ નથી." તેવું જણાવેલ છે અને જો તેમ હોય તો પણ અપીલ તબકકેના અત્રેના તા.૧૬–૮–૧૧ ના પત્રના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવા પ્રયત્ન થવો જોઈતો હતો. " આરટીઆઈ કાયદાના આમુખની પ્રથમ ફકરાની જોગવાઈ નાગરિકોને જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળ માહિતીની ઉપલબ્ધી માટે વ્યવહારુ વ્યાસ્થાપન તંત્રની રચના કરવી " ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી અપીલ તબકકેની જાણકારી બાદ માહિતી આપવા માટેનો પ્રયત્ન થયો હોત તો તે કાયદાની ભાવના અને હાર્દની જોગવાઈઓને સુસંગત લેખાત.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે. તથા આરટીઆઈ કાયદા હેઠળની અરજીઓ, તબદીલપત્રો કે સાધનિક કાગળો બાબતે તેમની ખાતાકીય વ્યવસ્થા વધુ મજબુત બનાવી વિશેષ કાળજી લેવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક તથા દંડાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે.

અરજદારને પણ મુળભૂત હક સાથે ભારતના સંવિધાનમાં નિર્દિષ્ટ મુળભૂત ફરજો પ્રત્યે પણ આદર જાળવવા ધ્યાન દોરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનવર એ. ઘાંચી,